Gujarat Samachar (Supple.: Plus)
February 10, 2015
Page No. 2

EDI

# ઈન્સ્ટિટયૂટ વચ્ચે સમર સ્પોર્ટ્સ ફેસ્ટ

કોલેજ કેમ્પસને એજ્યુકેશન ફ્રેન્ડલી બનાવવા માટે કેમ્પસને ઈનોવેટીવ બનાવવામાં આવે છે. જેના દ્વારા સ્ટુડન્ટસ પોતાના ક્રિએટિવ આઈડિયા કેમ્પસના ફ્રેન્ડલી વાતાવારણ વચ્ચે શેર કરી શકે છે. મુદ્રા ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્યુનિકેશન (માઈકા) દ્વારા સ્ટુડન્ટસમાં રહેલા સ્પોર્ટ્સ ટેલેન્ટ બહાર આવે તે માટે દર વર્ષે એન્યુઅલ સ્પોર્ટ્સ ફેસ્ટનું આયોજન કરવામાં આવે છે. આ વખતે પણ માઈકા ખાતે આ ‘સમર સ્પોર્ટ્સ ફેસ્ટ’નું આયોજન કરવામાં આવ્યું છે.

માઈકન્સના સમર સ્પોર્ટ્સ ફેસ્ટમાં શહેરની મોટાભાગની પ્રિમિયર ઈન્સ્ટિટયૂટ વચ્ચે સ્પોર્ટ્સ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેપ્ટ, એનઆઈડી, માઈકા, ઈડીઆઈ, આઈઆઈએમ, નરસિંહ મનજી ઈન્સ્ટિટયૂટ, નિરમા જેવી પ્રિમિયર ઈન્સ્ટિટયૂટ વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી.



**માઈકા કેમ્પસ ખાતે યોજાયેલી સ્પોટર્સ ઈવેન્ટમાં ક્રિકેટ, ફુટબોલ, બાસ્કેટ બોલ, ટેનિસ જેવી વિવિધ સ્પોર્ટ્સ ઈવેન્ટ યોજાઈ**

### વિમન ટીમે સૌનું ધ્યાન ખેચ્યું હતું

માઈકાના સમર સ્પોર્ટ્સ ફેસ્ટમાં આ વખતે વિમેન ટીમે વિવિધ સ્પોર્ટ્સ ઈવેન્ટમાં પોતાની ટીમ ઉતારીને સૌઉ કોઈનું ધ્યાન પોતાની તરફ ખેચ્યું હતું. ક્રિકેટ, ફુટબોલ, બાસ્કેટ બોલ, વોલીબોલ, ટેનિસ, ટેબલ ટેનિસ જેવી ઈવેન્ટમાં ગર્લ્સ ટીમ મેદાને ઉતરી હતી.